# પાલનપુર પાલિકાની ટીપી કમિટીની બેઠકમાં પતિદેવો હાજર રહેતા વિવાદ!

**ટી.પી.ની બેઠકમાં વિકાસ નકશાના એક બે મુદ્દાને લઈ ચર્ચા મુલત્વી રખાઈ : વિકાસ નકશો અનેક ક્ષતિઓને અગાઉ બે વાર ગાંધીનગરથી પરત**



પાલનપુરતા.૨૧

પાલનપુર નગરાલિકાનો ચર્ચાસ્પદ બનેલા વિકાસ નકશો અગાઉ કેટલીક ક્ષતિઓને બે વાર ગાંધીનગરથી પરત ફર્યા બાદ આ વિકાસ નકશાની પૂર્તતા કરવા ફરી એક વાર પાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટીની બેઠક મળી હતી .જેમાં ટીપી કમિટીના વર્ષાબેનના પતિ કદમભાઈ અને કવિતાબેન પ્રજાપતિના પતિ હાજર રહેતા વિવાદ સર્જાયો હતો.

આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,ઉપરાંત એક બે મુદ્દાને લઈ વિકાસ નકશાની ચર્ચા મુલત્વી રખાઈ હતી બાદમાં આ મુદ્દાઓની ચર્ચા કર્યા બાદ ફરી એક વાર વિકાસ નકશા ને મંજૂરી માટે ગાંધીનગર મૂકવામાં આવશે.

અગાઉ બિલ્ડર લોબીને ફાયદો કરાવવા માટે કેટલાક વિસ્તારો ગ્રીન બેલ્ માં જોડ્યા હોય જેમાં કેટલાય ખેડૂતો ની જમીન કપાતી હોવાના આક્ષેપ વચ્ચે પાલિકાના સાશકોએ અગાઉ ટીપી કમિટીમાં મુક્યા વિના તેને મંજૂર કરવા માટે ગાંધીનગર મોકલવા માં આવતા આ વિકાસ નકશા સામે વાંધા સૂચનો રજૂ થતા વિકાસ નકશો પરત ફર્યો હતો જે વિકાસ નકશા માટે સોમવારે સાંજે નગરપાલિકામાં ટાઉન પ્લાનિંગ કમિટી પાલિકાના ચીફ ઓફિસર નવનીત પટેલ ટીપી ચેરમેન મહેશ ઠકકરની હાજરીમાં મળી હતી જેમાં શહેરના વિકાસને લગતા એક બે મુદ્દાને લઈ બેઠકમાં વિકાસ નકશાની ચર્ચા મુલત્વી રખાઈ હતી. જોકે આ વિકાસ નકશામાં ટીપીને પ્રધ્યાન આપવા ટીપી કમિટીના સભ્યો ચર્ચા કર્યા બાદ વિકાસ નકશાને પુનઃ મંજૂરી માટે ગાંધીનગર મોકલવામાં આવનાર હોવાનું ચીફ ઓફિસરે જણાવ્યું હતું.

# બનાસકાંઠા જિલ્લા વેપારી મંડળની ૫૪મી સાધારણ સભા

**બનાસકાંઠાએ છેલ્લા એક દાયકામાં વિકાસની હરણફાળ ભરી : એમ.એમ. બંસલ**



પાલનપુર, છાપી, તા.૨૧

બનાસકાંઠા ડિસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ્રસ્ટ્રી ની ૫૪ મી સાધારણસભા તેમજ બેક્રિંગ અને ઔધોગિક સેમિનાર ચેમ્બર ના પ્રેસિડેન્ટ શિવરામભાઈ આઈ.પટેલ ના અધ્યક્ષસ્થાને કાનુભાઈ મહેતા હોલ ,પાલનપુર ખાતે મળી હતી જેમાં મોટી સંખ્યા માં ઉદ્યોગકારો મંડળ ના સભ્યો તેમજ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, ધી બનાસકાંઠા ડિસ્ટ્રીક ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડ્રસ્ટ્રી ની સાધારણસભા સહિત બેક્રિંગ અને ઔધોગિક સેમિનાર માં બેક્ર ઓફ બરોડા ના જનરલ મેનેજર એમ.એમ.બંસલ ખાસ ઉપસ્થિત રહી જિલ્લા ના બાર ઉદ્યોગ સાહસિકો ને લોન ના સેક્શન લેટરો આપ્યા હતા તેઓ આ પ્રસંગે જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લો છેલ્લા એક દાયકા માં વિકાસ ની ખૂબ મોટી હરણફાળ ભરી છે સાથે સાથે કહ્યું હતું કે બેક્ર ઓફ બરોડા વેપારીઓ ને બેક્રિંગ ની તમામ સુવિધાઓ ઝડપથી આપી વિકાસ માં સહભાગી બનશે. આ પ્રસંગે ચેમ્બર ના પ્રેસિડેન્ટ દ્વારા પણ જિલ્લા માં વિકાસ ની નવી તકો ઉભી થાય તે માટે ચેમ્બર સતત પ્રયત્નશીલ રહેશે તેવું આશ્વાસન આપી શુભેચ્છાઓ પાઠવી હતી. મંડળ ની ૫૪ મી સાધારણસભા ના એજન્ડા ઉપર ના કામકાજ તેમજ હિસાબો ચેમ્બર ના સેક્રેટરી જયંતીભાઈ પટેલ દ્વારા વાંચી સંભળાવતા ઉપસ્થિત સભ્યો એ સર્વાનુમતે મજૂર કર્યા હતા. આ પ્રસંગે જી.એસ.ટી અંતર્ગત સી.ઈ.એ . રશ્મિનભાઈ વાજા એ સુંદર માહિતીઓ આપી વેપારીઓ ને મુંઝવતા પ્રશ્નો ના જવાબો આપ્યા હતા. જ્યારે ૨૦૨૩ ના બજેટ ઉપર સુભાષભાઈ શાહ એ વિસ્તૃત માહિતીઓ આપી હતી. આ પ્રસંગે રિજયોનલ મેનેજર મનોજભાઈ વાદોદરિયા અને તેમની ટિમ , ચેમ્બર ના વાઈસ પ્રેસિડેન્ટ સુરેશભાઈ અગ્રવાલ , ટ્રેઝરર સંદિપભાઈ પટેલ , બેક્ર ઓફ બરોડા ના ડે. જનરલ મેનેજર રાકેશભાઈ ચલાવરિયા , ગીરીશભાઈ જગાણિયા , પાલનપુર મર્કેન્ટાઈલ બેક્ર ના ચેરમેન મૂળચંદભાઈ પટેલ , દિલસુખભાઈ અગ્રવાલ , પુષ્કરભાઈ પટેલ , કનુભાઈ અગ્રવાલ , મૂળચંદભાઈ ખત્રી , વિક્રમભાઈ , વિનુભાઈ પટેલ સહિત ઉદ્યોગકારો , વેપારીઓ , ચેમ્બર ના સદસ્યો સહિત અગ્રણીઓ મોટી સંખ્યા માં ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસાની ગૌશાળાને નોટિસ ફટકારાતાં જીવદયા પ્રેમીઓમાં રોષ...!!!

**નગરપાલિકા દ્વારા નગરવન બનાવવાનું આયોજન**

ડીસા, તા. ૨૧

ડીસા શહેરમાં બીમાર ગૌમાતાઓનું સારવાર સ્થાન તેમજ રખડતા ઢોરોનું આશ્રય સ્થાન ધરાવતી હરિઓમ સ્કૂલ પાછળ હઠીલા હનુમાન મંદિર વાળી જગ્યામાં ગૌશાળા ચાલી રહી છે. વર્ષોઅગાઉ મંદિરના મહંત સ્વ.નરસિંહદાસજી મહારાજે આ જગ્યા પર પાકો શેડ બનાવી ગૌશાળા શરૂ કરી હતી. જેમાં શહેરભરમાંથી બીમાર કે ઘાયલ ગૌમાતાઓને સારવાર અર્થે લાવવામાં આવે છે. આ ઉપરાંત શહેરમાં રખડતા ઢોરોને પણ આ જગ્યા પર ઘાસચારો અને આશ્રય સ્થાન મળી રહે છે. ત્યારે આ જગ્યા નગરપાલિકાની બિન નંબર વાળી જગ્યા છે અને તેમાં ગૌશાળા દ્વારા પાકા શેડનું બાંધકામ કરી દબાણ કરેલું હોઈ આ દબાણ સાત દિવસમાં દૂર કરવાની નોટિસ નગરપાલિકા દ્વારા આ જગ્યાના હાલના સંચાલક મગસી બીજલભાઈ રબારીને મોકલવામાં આવી છે. ડીસા નગરપાલિકા આ જગ્યા ખાલી કરાવીને નગરવન બનાવવાનું આયોજન કરી રહી હોવાનું પણ નોટિસમાં જણાવ્યું છે. શહેરમાં અનેક જગ્યાઓ દબાણમાં છે ત્યારે સેવાકીય પ્રવૃત્તિ ચલાવતી આ ગૌશાળાને ખાલી કરવાની નોટિસથી જીવદયા પ્રેમીઓમાં રોષ વ્યાપી જવા પામ્યો છે.



# ભિલોડા ગૌ - રક્ષા સમિતિ દ્વારા નિઃ શુલ્ક પાણીના કુંડા અને પક્ષી ઘરનું વિતરણ

**સેવાકીય પ્રવૃત્તિની સુવાસ ચોમેર પ્રસરી**



ભિલોડા,તા.૨૧

ઉનાળાની અસહ્ય કાળઝાળ ગરમીની શરૂઆત થઈ છે ત્યારે ભિલોડા ગૌ - રક્ષા સમિતિ દ્વારા છેલ્લા ૬ વર્ષ થી અવિરત પણે ઉનાળામાં પક્ષીઓ માટે નિઃ શુલ્ક પાણીના કુંડા અને પક્ષી ઘરનું વિતરણ કરવામાં આવે છે.વિશ્વ ચકલી દિવસ નિમિત્તે અને ખાસ કરીને લુપ્તતાના આરે એવી ચકલી પક્ષીને એની લુપ્તતા અટકાવવા માટે આ ખાસ પ્રકારનું અભિયાન ચલાવવામાં આવે છે.અસહ્ય કાળઝાળ ગરમીમાં ચકલીઓ પીવાન પાણીના અભાવે મૃત્યુ પામતી હોઈ છે.આ બધી બાબતો ને ધ્યાનમાં રાખી ને આ વર્ષે પણ ગૌ - રક્ષા સમિતિ,ભિલોડા દ્વારા ૩૦૦૦ પાણીના કુંડા અને ૩૦૦૦ થી વધુ પક્ષી ઘરનું નિઃ શુલ્ક વિતરણ માંકરોડા,નવા વસવાટ,જુના ભવનાથ સહિત જુદા - જુદા વિસ્તારોમાં સેવાભાવી કાર્યકરોએ પહોંચી સેવાકીય કાર્ય કરવામાં આવ્યું છે.ભિલોડા ગૌ - સમિતિના તમામ સેવાભાવી કર્મઠ કારોબારી સભ્યો હાજર રહ્યા હતા.

# સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં વિશ્વ ચકલી દિવસની ઉજવણી: બાયડમાં સેવાભાવિ સંસ્થા દ્વારા ચકલી ઘર(માળા) બનાવી વિતરણ

**જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ, સાહેલી દ્વારા ચકલીને બચાવવા અત્યાર સુધીમાં ૮૦૦૦ માળા, ૩૦૦૦ કુંડાનું વિતરણ**







બાયડ, તા.૨૧

તા.૨૦ માર્ચ એટલે વિશ્વ ચકલી દિવસની ઉજવણી તો થાય જ ને. અરવલ્લી, સાબરકાંઠા જિલ્લામાં સિમેન્ટ અને કાંકરીટનાં જંગલોનું પ્રભુત્વ વધતાં અનેક અબોલ પંખી અને પશુઓ અસ્તિત્વ માટે જંગ લડી રહ્યા છે. જિલ્લામાં ચકલીઓ હવે નામશેષ થવા જઈ રહી છે ત્યારે માંડે માંડે પણ પ્રજામાં ચકલી બચાવવા માટેની જાગ્રતતા જોવા મળી છે. બાયડની સેવાભાવિ સંસ્થા જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ અને જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ સાહેલી દ્વારા ચકલી બચાવો અભિયાનને સાચા અર્થમાં સાર્થક કરી દેખાડી સતત ૯મા વર્ષે ૧૦૦૦ ચકલી ઘરનું વિતરણ થનાર હોવાનું જાણવા મળેલ છે. અત્યાર સુધીમાં ચકલીના રહેઠાણ માટે પ્લાસ્ટીક અને પૂઠાંમાંથી બનેલા ૮૦૦૦ ચકલી ઘર(માળા) અને ૩૦૦૦ જેટલાં કૂંડાંનું વિતરણ થયું છે.

મળતી માહિતી મુજબ આજે પણ પ્રાથમિક શાળાઓમાં ચકલી ચીં..ચીં..ચીં કરે છે...ના ગીત ગડવાવવામાં આવી રહ્યા છે. એક સમય એવો હતો કે ગામે ગામ અને ઘેર..ઘેર ચકલીઓની ચીં..ચીં અવાજ ગુંજતા હતા અને મકાનમાં ચકલીઓ મોતને ન ભેટે તે માટે પ્રજા ઘરના પંખા બંધ રાખીને પણ તેમના આગમનને વધાવતી હતી. અત્યારે સ્થિતિ એ છે કે અનેક વિસ્તારોમાં ચકલીઓ નામશેષ થવાને આરે છે. વર્તમાન પેઢીને માત્ર ચિત્રોમાં ચકલીઓને બતાવવી પડે તેવી સ્થિતિ આવી છે. ચકલીઓની કોઈ વસતી ગણતરી કરાતી નથી જેથી જિલ્લામાં કેટલી ચકલીઓનો વસવાટ છે તેનો આંકડો સામે આવ્યો નથી પરંતુ ચકલીઓ નામશેષ જરૂર થઈ રહી છે. તા.૨૦ માર્ચના રોજ સ્પેરો-ડે..ની ઉજવણી કરવામાં આવી ત્યારે કાળઝાળ ગરમીમાં ચકલી સહિતના પક્ષીઓના બચાવ માટે અનેક જાગૃત નાગરિકોએ પોતાના ઘરે પાણીના કૂંડા મૂકવા અપીલ કરી છે. ત્યારે જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડના પ્રોજેક્ટ ચેરમેન અને એન.સી.એફ., પાલડી પ્રા. શાળાના આચાર્ય ધર્મેશ સોનીના વડપણ હેઠળ છેલ્લા ૮-૯ વર્ષથી ચકલી બચાવો અભિયાનને પોતાના જીવનમાં વણી લીધું છે. જેમાં જિલ્લાના બાયડની અગ્રહરોળની સેવાભાવિ સંસ્થા જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડના પ્રમુખ શૈલેષ એસ. ભાટીયા, ફેડરેશન ઓફીસર કુમુદચંદ્ર ભાવસાર, યુનિટ ડાયરેક્ટર ગીરીશ પટેલ, જાયન્ટ્સ ગૃપ ઓફ બાયડ સાહેલી પ્રમુખ નિમિષા એસ. ભાટીયા, ચોઈલા પ્રા.શાળાના શિક્ષક, પૂર્વ પ્રમુખ ભારતીબેન સોની સહિત જાયન્ટ્સ ગૃપના મંત્રી રમેશ પટેલ, પૂર્વ પ્રમુખ ડાં.દેવમ સોની, હિરલ ભાવસાર, કાજલ સોની, ધાર્વિ ભાટીયા વગેરે સભ્યોએ ચકલી ઘર(માળા) વિતરણ કાર્યક્રમ સફળ બનાવ્યો હતો.

## મોડાસાના નિવૃત્ત આર્મીમેન પાસેથી ભેંસના નામે ૭૦ હજારની છેતરપિંડી કરનાર મોડાસાના શખ્સ સામે આખરે ફરિયાદ નોંધાઈ

મોડાસા, તા.૨૧

મોડાસા શહેરના શેઠાવાડામાં રહેતા અને આલમપુર ગામના નિવૃત્ત આર્મીમેન સાથે મોડાસાની અલફલાહ નગર સોસાયટીમાં રહેતા દુધાળા પશુઓનું વેચાણ કરતા વેપારીએ ભેંસ આપવાનું કહી ૭૦ હજાર રૂપિયા પડાવી લઈ છેતરપિંડી કરતા નિવૃત્ત સૈનિકે ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડી કરનાર શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. મોડાસાના શેઠાવાડામાં રહેતા નિવૃત્ત આર્મીમેન પ્રતાપજી લાલજી ખાંટે પશુપાલનના વ્યવસાય માટે મોડાસા શહેરના લીમડા તળાવ નજીક અલફલાહ નગરમાં રહેતા રહીમ ગફુર સિંધી પાસેથી ૧.૪૦ લાખમાં બે ભેંસ ખરીદી હતી જેમાં ભેંસ ચાર લીટર દૂધ અપાશે કહ્યું હતું એક ભેંસ ૨ કે ત્રણ લીટર દૂધ આપતા નિવૃત્ત સૈનીકે રહીમ સિંધીને વાત કરતા ૭૦ હજાર રૂપિયા પાછા આપવાનું કહી એક ભેંસ પરત લઈ ગયો હતો અને રૂપિયા પરત આપવા ગલ્લાંતલ્લાં કરતા પ્રતાપજી ખાંટ છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતા ન્યાય માટે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશનમાં ત્રણ ત્રણ અરજી આપી હતી આખરે પોલીસે સ્ટેશન બહાર ધરણા પર બેસતા ટાઉન પોલીસ સ્ટેશન હરકતમાં આવ્યું હતું અને નિવૃત્ત આર્મીમેનની રજુઆત ટાઉન પીઆઈ વાઘેલાએ સાંભળી ફરિયાદ નોંધવા આદેશ કરતા આખરે નિવૃત્ત સૈનિકની ફરિયાદ નોંધી છેતરપિંડી કરનાર આરોપી રહીમ ગફુર સિંધીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

## ધાનેરાના ઘરણોધર ગામ પાસે બાઈક કાર વચ્ચે અકસ્માત બે લોકોના મોત

ધાનેરા તા.૨૧

ધાનેરાના ઘરણોધર ગામ પાસે બાઈક કાર વચ્ચે અકસ્માત બે લોકોના મોત ધાનેરા તાલુકાના ઘરણોધર ગામ પાસે શનિવારે સવારના સુમારે બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,જેમાં બાઈક સવાર બન્ને લોકોના સારવાર દરમ્યાન મોત નિપજ્યા હતા. આ ઘટનાની જાણ થતાં સરકારી હોસ્પીટલ ખાતે લોકોન ટોળે ટોળા ઉમટી પડ્યા હતા. ધાનેરા તાલુકામાં અકસ્માતોનો સિલસિલો વધી રહ્યો છે.

# પાલનપુરના ગામોમાં તળાવોમાં પાણી ભરવા કસરા - વાસણી-ભટામલ - નર્મદા નેટવર્ક - પાઈપલાઈન પ્રોજેક્ટનું જાહેરનામું

**પાઇપલાઇનના રુટમાં આવતા તમામ ગામોના સર્વે નંબરોની યાદી જાહેર કરાઈ, અગાઉ સેટેલાઇટ સર્વે કરાયો હતો : ફેઝ૩ અને ૪નો નકશો પણ જાહેર કરાયો**

પાલનપુર તા.૨૧


કાંકરેજ ડીસા અને પાલનપુર સહિતના ગામોના તળાવોમાં પાણી ભરવા કસરા - વાસણી- ભટામલ - નર્મદા નેટવર્ક - પાઈપલાઈન પ્રોજેક્ટનું જાહેરનામું બહાર પડ્યું છે. જેને લઈ પાઈપલાઈનના રુટમાં આવતા તમામ ગામોના સર્વે નંબરોની યાદી જાહેર કરાઈ છે. અગાઉ સેટેલાઈટ સર્વે કરીને રૂટ નક્કી કરવામાં આવ્યો હતો. ઉપરાંત

ફેઝ૩ અને ફેઝ ૪નો નકશો પણ જાહેર કરાયો છે. કલ્પસર વિભાગના તોય જણાવ્યું હતું કે " જે સરકાર દ્વારા સુજલામ-સુફલામ યોજના અંતર્ગત કસરા-દાંતીવાડા પાઈપ લાઈન માટે અંદાજિત ૧૫૬૬ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપી હતી. આ પાઈપ લાઈન થકી બનાસકાંઠા જિલ્લાના ડીસા, કાંકરેજ, દાંતીવાડા અને પાલનપૂરતાલુકાના ૭૩ ગામોના ૧૫૬ તળાવોને નર્મદા નહેરનું જળ અપાશે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના બ્યુરો ચીફ શ્રી ગણપતલાલ કે.જોષીનો અહેવાલ વધુમાં જણાવે છે કે, અંદાજે દોઢ લાખ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ તેમજ ૩૦ હજારથી વધુ ગ્રામીણ ખેડૂતો પરિવારોને સિંચાઈ માટે, પીવા માટે પાણીની સુવિધા મળતી થશે.જેને લઈ ગુજરાત પાણીની પાઈપલાઈન અધિનિયમ ૨૦૦૦ની કલમ ૩ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે જેમાં પાલનપુર તાલુકાના વાસણી ગામ થી દાંતીવાડા જળાશય સુધી પહોંચાડવા માટેના પેકેજ બે હેઠળ જમીન સંપાદન માટે સર્વે નંબર જાહેર કરવામાં આવ્યા છે જેમાં ૩૦ દિવસ દરમિયાન જે કોઈને વાંધા હોય તે પાલનપુર જળ સંપત્તિ સંશોધન વિભાગ જોરાવર પેલેસ ને રજુ કરી શકે છે. જે ગામો આવરી લેવામાં આવ્યા છે તેમાં વાસણી સામઢી,સુંઢા, નાઢાણીવાસ, રાણાજી વાસ, કુંભાસણ, ગઢ, મડાણા, સલ્લા, સાસમ, હુવા, ધરપડા, હોડા, ગાદલવાડા ભાવિશણા, વેડંચા, ગઠામણ, સાગરોસના, ભાગળ એસબી પુરા, જગાણા, કુંભલમેર, મોટા, રસાણા, મોટા, ચંડીસર, કુષ્કલ, બાદરપુરા, ભુતેડી, દેલવાડા, એંગોલા, મોરિયા, પારપડા લુણવા પાલનપુર હાઈવે વિસ્તાર, સોનગઢ, સદરપુર, કરજોડા, પખાણવા, રાજપુર, મલાણા, સાંગલા, ભટામલ મોટી, ભટામલ નાની, ચડોતર , આંત્રોલી , અમીરગઢ , સલીમપુરા, આકેસણ અને ડાંગીયા ગામનો સમાવેશ થાય છે.

# વિશ્વ ગુજરાતી સમાજ - યુથ વિંગ અરવલ્લી જિલ્લાનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

બાયડ તા.૨૧

વિશ્વમાં વસતા ગુજરાતીઓનું છેલ્લા ૩૩ વર્ષથી પ્રતિનિધિત્વ કરતી એકમાત્ર સંસ્થા એટલે વિશ્વ ગુજરાતી સમાજ. આ સંસ્થાના મુખ્ય સંવર્ધક તરીકે ગુજરાતના લોકલાડીલા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સેવા આપી રહ્યા છે. સંસ્થાના અધ્યક્ષ તરીકે શ્રી શ્રી કે પટેલ નિષ્ઠાપૂર્વક જવાબદારી નિભાવી રહ્યા છે. સંસ્થા સાથે યુવા શક્તિ જોડાય અને યુવા સંગઠન દ્વારા ગુજરાતી સમાજની પ્રતિનિધિત્વ ક્ષમતા વધારવા અધ્યક્ષ દ્વારા યુથ વિંગની રચના કરવામાં આવેલ જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં આ યુવા સંગઠનનો વ્યાપ વધે સાથે સાથે પ્રતિનિધિત્વ ક્ષમતા વધે તે માટે મોડાસા ખાતે જિલ્લાનો પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ યોજાયો.



આ પ્રસંગે ગુજરાત રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભીખુસિંહ પરમારે મોટી સંખ્યામાં ઉપસ્થિત યુવા ટીમને વિડિયો કોન્ફરન્સ ના માધ્યમથી જણાવ્યું હતું કે તેઓને સદર સમારોહમાં આવવાનું જ હતું પરંતુ કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી આદરણીય શ્રી અમિતભાઈ શાહ સાહેબની મીટીંગ નું આયોજન થતાં આવી શક્યો નથી પરંતુ આ વીડિયોના માધ્યમથી વિશ્વ ગુજરાતી સમાજના સામાજિક કાર્યોમાં યુવાનોને જોડાવા અનુરોધ કર્યો હતો. તથા અધ્યક્ષ સ્થાનેથી પ્રતિનિધિત્વ કરતા શ્રી મયંકભાઈ પટેલે યુવાનોને સરકારની વિવિધ યોજનાઓનું અમલીકરણ કરવા માટેના કાર્યો નાના વ્યક્તિ સુધી પહોંચે તે માટે યુવાનોને મદદરૂપ થવા માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. કાર્યક્રમમાં સંસ્થાના આ.રા. સંગઠન કોર્ડીનેટર અને કોકન્વીનર આકાશ પટેલે ઉપસ્થિત રહી સંસ્થાના વર્ષ દરમિયાન થયેલા આયોજનો તેમજ આવનારા સમયમાં થનારા આયોજનોની સૌને જાણકારી આપી હતી. આ પ્રસંગે ગુજરાત પ્રદેશ એડિશનલ કન્વીનર અને અરવલ્લી જિલ્લા પ્રભારી શ્રી કૃણાલ દીક્ષિત દ્વારા સંસ્થાનો વિસ્તૃત પરિચય તથા કાર્યશૈલી ની જાણકારી આપવામાં આવી હતી અને સંસ્થાના માળખા વિશે તેમજ નિયમોની માહિતી આપવામાં આવી હતી.કાર્યક્રમમાં જિલ્લા યુથના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા તેમ જ વિશેષ આમંત્રિત મહેમાન શામળાજી વિષ્ણુ મંદિરના ટ્રસ્ટી શ્રી જગદીશભાઈ ગાધી અરવલ્લી જિલ્લામાં ગુજરાતી સમાજને મજબૂત કરવા માટે અમે ખૂબ સાથ સહકાર આપીશું, મુસ્લિમ સમાજના અગ્રણી ઈકબાલભાઈ ઈપરોલીયા એ વિદેશમાં રહેતા ભારતીય ગુજરાતીઓને પડતી મુશ્કેલીઓ વિશે જણાવ્યું હતું, મખદુમ મંડળના પ્રમુખ નાઈમ મેઘરજી સમગ્ર મુસ્લિમ સમાજ પણ તમારી સાથે જ છે તેવું જણાવ્યું હતું, પૂર્વ કોર્પોરેટર કેતનભાઈ ત્રિવેદી, યુવાનનેતા દેવલ ત્રિવેદી જણાવ્યું કે આજે સદર મિટિંગમાં સર્વે ધર્મના સર્વે સમાજના અને સર્વે રાજકીય પાર્ટીના અગ્રણીઓ એક સાથે ઉપસ્થિત છે વિશ્વ ગુજરાતી સમાજ યુથ વિંગ અરવલ્લી જિલ્લામાં ખૂબ સારું કામ કરશે.વલ્લભ સદન,નાથદ્વારા ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી વિપુલભાઈ ગાંધી, ઈકબાલભાઈ પટ્ટીવાલા,બાબુભાઈ ,પૂર્વ નાગરિક બેંકના ચેરમેન વિનોદભાઈ શાહ, ધનસુરા ના અગ્રણી મનોજભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આભાર વિધિ શ્રી અમિતભાઈ કવિએ કરી હતી.